# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## CM PATEL NIRNAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ઔદ્યોગિક વિસ્તારો અને ક્વૉરી વિસ્તારોને જોડતા માર્ગના મજબૂતીકરણ માટે 1 હજાર 470 કરોડ રૂપિયાની ફાળવણી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ રસ્તાઓના કામ થવાથી આ રસ્તાઓને જોડતા શહેરો, નગરો, ગામના ટ્રાફિકને સરળતા રહેશે અને વાહનવ્યવહારલાયક સારા માર્ગની સગવડતા મળશે.

મુખ્યમંત્રીએ કુલ 688 કિલોમીટરના 65 માર્ગ માટે આ રકમ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જે અંતર્ગત 83 કિલોમીટર માર્ગને ફોર લેન સુધી પહોળા કરવામાં આવશે. જ્યારે 173 કિલોમીટર સુધાના રસ્તા 10 મીટર સુધી પહોંળા કરાશે. સાથે 432 કિલોમીટર લંબાઈના માર્ગનું મજબૂતીકરણ કરાશે. તેમ જ પૂલ/ક્રોસ ડ્રેનેજ સ્ટ્રક્ચર્સના જરૂરી મજબૂતીકરણ પણ કરાશે. વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ તૈયાર થયા પછી જરૂરિયાત જણાશે તે રસ્તાઓ પર ફ્લાયઓવર પણ બનાવવાનું આયોજન છે.

-----------------

## JAPAN DELEGATION CM MEET

જાપાનના શિઝૂઓકા પ્રીફેક્ચરના ૧૮ સભ્યોના ડેલિગેશને આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચર એસેમ્બલીના સભ્ય અને ત્યાંની એસેમ્બલીના ઇન્ડીયા-જાપાન ફ્રેન્ડશીપ પાર્લામેન્ટ લીગના સેક્રેટરી જનરલ શ્રીયુત્ત

આત્સુયુકી રાચીના નેતૃત્વમાં આ ડેલિગેશન ગુજરાતની મૂલાકાતે આવેલું છે. મુખ્યમંત્રી સાથેની બેઠકમાં તેમણે ગુજરાત સાથે વાણિજ્યીક સંબંધો ઉપરાંત લોક સંપર્ક, શિક્ષણ અને સંશોધન તથા પ્રવાસન અને સાંસ્કૃતિક ક્ષેત્રે સંબંધોનો સેતુ લાંબા ગાળા સુધી સૌહાર્દપૂર્ણ રીતે આગળ ધપાવવાની ઉત્સુકતા દર્શાવી હતી.

શિઝૂઓકા પ્રદેશ જાપાનમાં મેક ઇન જાપાન ઉદ્યોગોમાં ચોથા ક્રમનું અગત્યનુ સ્થાન ધરાવે છે. તે સૂઝુકી, યામાહા, હોન્ડા અને ટોયટો જેવા ઓટોમોબાઇલ ઉદ્યોગો શિઝૂઓકા પ્રદેશમાં વિશેષ મહત્વ ધરાવે છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ડેલિગેશનને આવકારતા કહ્યુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિઝનરી લિડરશીપમાં ભારત-જાપાનના સંબંધો વિશ્વાસુ મિત્રદેશ તરીકે આગળ વધ્યા છે. ગુજરાત આ દ્વિપક્ષીય સંબંધોને વધુ આગળ ધપાવશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, જેમ ‘મેઇડ ઇન જાપાન’ની વિશ્વસનિયતા-ક્રેડીબિલીટી છે તેજ રીતે ઝિરો ડિફેક્ટ - ઝિરો ઇફેક્ટ મંત્ર સાથે પણ પર્યાવરણ અનુકૂલન અને વિશ્વકક્ષાના ઉત્પાદનો માટે ‘મેક ઇન ઇન્ડીયા’ પ્રતિબધ્ધ છે.

-----------------

## CHANDIPURAM VIRUS

સાબરકાંઠાની હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં શંકાસ્પદ ચાંદીપુરમ વાયરસ મામલે છ બાળકોના મોત થયા હતા, તેમજ વધુ બે બાળકો

સારવાર ચાલી રહી છે. આ વિશે વધુ માહિતી આપી રહ્યા હિંમતનગર સિવિલ હોસ્પિટલના ડો.યોગેશ મોદી....

(બાઇટ- ડો.યોગેશ મોદી, સિવિલ હોસ્પિટલ, હિંમતનગર)

આ તરફ અરવલ્લી જિલ્લામાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના ત્રણ પૈકી એક બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, જિલ્લામાં સૌથી પ્રથમ ભિલોડા તાલુકાના મોટા કંથારીયા ગામમાં ચાંદીપુરાના 2 શંકાસ્પદ કેસ નોંધાયા હતા. જેમાંથી એક બાળકીનો સિરમ પોઝિટિવ આવ્યો છે. જ્યારે CSF નેગેટિવ આવ્યો છે. હજી  2 બાળકના રિપોર્ટ આવવાના બાકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણ બાળકોના શંકાસ્પદ ચાંદીપુરમના કેસ નોંધાયા હતા જેમાંથી સારવાર દરમિયાન ત્રણેય બાળકોના મોતની નિપજ્યા હતા.

તો ગાંધીનગરના દહેગામ તાલુકામાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસનો કેસ સામે આવતા આરોગ્યની ટુકડીએ મુવાડા ગામના 60 જેટલા ઘરમાં તપાસની કામગીરી હાથ ધરી છે. દરમિયાન શંકાસ્પદ મગજના તાવના લક્ષણ ધરાવતા અન્ય કોઈ દર્દી મળ્યા નથી. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે કે, મુવાડા ગામમાં સાત વર્ષના એક બાળકને ખેંચ સાથે મગજના તાવની અસર દેખાઈ હતી. ત્યારબાદ ચાંદીપુરા વાઈરસની તપાસ અર્થે બાળકના નમૂના પુણે મોકલવામાં આવ્યા છે. હાલમાં આ બાળકને સારવાર માટે અમદાવાદ સિવિલ હૉસ્પિટલ ખસેડાયો છે.

તો મહેસાણા જિલ્લામાં શંકાસ્પદ ચાંદીપુરમ વાયરસનો પ્રવેશ થયો છે. ખેરાલુ તાલુકાના વરેઠા ગામ અને વિજાપુર તાલુકાના ડાભલા ગામમાં બે કેસ સામે આવતા જિલ્લા આરોગ્ય વિભાગ એ બે બાળકોના સેમ્પલ લઈ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. જિલ્લાના બે તાલુકાઓમાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા વાયરસ જિલ્લામાં ન ફેલાય તે માટે એડવાન્સ સર્વેલન્સની કામગીરી કરાઈ હતી.

-----------------------------

## PRAKRUTIK KRUSHI TALIM SHIBIR

પ્રાકૃતિક ખેતી અભિયાનના ભાગરૂપે તાજેતરમાં ડાંગ જિલ્લાના વઘઈ તાલુકા ઘોડી ગામે પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ શિબિરનું આયોજન કરાયું હતું.

અમારા ડાંગ જિલ્લા પ્રતિનિધિ મુનીરા શેખ જણાવે છે કે, આ તાલીમમાં કુલ 26 ખેડૂતોએ ભાગ લીધો હતો, જેઓને જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાફસા, ખાટી છાશ, ગૌમૂત્ર તેમજ રાખનો ઉપયોગ કરી કઈ રીતે જમીનની ફળદ્રુપતા વધારી, વધુ ખેત ઉત્પાદન મેળવી શક્ય તેની તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી.

-----------------